PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૪/કવા–૦૨/૧૬–૧૭/ 8936 તા. 25/08/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
મેરામણભાઈ રામભાઈ બારૈયા,
ઠે.દેવરામ શેરી,,
જીરાપા પ્લોટ, રહે. ઉપલેટા,
જી. રાજકોટ

વિષય :–વીજથાંભલા હટાવવા બાબત
સંદર્ભઃ– આપની અરજી , તા. ૨૦–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૪/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. 2)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ધોરાજી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ઉપલેટા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



No: 04 [B]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૪/કવા–૦૨/૧૬–૧૭ | કમિટિ મીટીગ તા.૨૩–૦૯–૧૬ | સ્થળ :–રાજકોટ

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: મેરામણભાઈ રામભાઈ બારૈયા,ગામ: ઉપલેટા

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી,ઉપલેટા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ધોરાજી)

રજુઆત કરનાર :એન.ડી.રૂઘાણી, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી ધોરાજી

---

## : હુકમ :

**ફરીયાદ : વીજથાંભલા હટાવવા બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ખેતીવાડી ની જમીન વિસ્તાર -- એટલેકે સર્વે નંબર : ૬૩૩ પૈકી ૨ ની જમીન પર, આશરે ૦૬ થાંભલાઓ ઘણા સમય પહેલા ઉભા કરાયેલ છે, આ થાંભલાઓ મા વીજતાર અથવા તો હાર્ડવેર નથી. માત્ર થાંભલાઓ, વર્ષો થી ઉભા હોય, અને ખરાબ પરીસ્થિતી મા છે, નમી ગયેલ છે. જેથી, ખેતીકામ મા નુકશાન તેમજ અકસ્માત ના ભય હેઠળ ના છે. આ થાંભલાઓ દુર કરવા માટે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.--૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના ખેતીવાડી ની જમીન વિસ્તાર – એટલેકે સર્વે નંબર : ૬૩૩ પૈકી ૨ ની જમીન પર ના, ઉભા કરાયેલ ૦૬ થાંભલાઓ, જે થાંભલાઓ, વર્ષો થી ઉભા હોય, અને ખરાબ પરીસ્થિતી મા હોય, આવા કારણોસર, અરજદાર શ્રી ને, ખેતીકામ મા નુકશાન તેમજ અકસ્માત ના ભય રહેતો હોય, તે મુજબ ની અરજદાર શ્રી ની ફરીયાદ પરત્વે પુરતુ લક્ષ આપીને, સદર ૦૬ થાંભલાઓ , અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, તા.૦૮–૦૯–૧૬ ના રોજ દુર કરી, અને તે મુજબ અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૯–૦૯–૧૬ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ના, તેમની જમીન પર, બીન જરૂરી રીતે ઉભા રહેલ , કુલ ૦૬ થાંભલાઓ, જે પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ની હાજરી, જાણકારી અને સંતોષ હેઠળ, તા.૦૮–૦૯–૧૬ ના રોજ દુર કરી, અને તે મુજબ અરજદાર શ્રી ની ફરીયાદ નુ, અરજદાર શ્રી ના તા.૦૯–૦૯–૧૬ ના રોજ ના લેખીત સંમતીપત્ર હેઠળ. પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

મુદ્દા નં.-૪ :

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..